અપીલ અરજી નં.૩૬૭ તા.૨૮–૨ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ– સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૪–૧–૧૧ ની અરજીથી પ્લોટ નં.૧૦ સાંઈ ઈન્ડ. સોસા.. એસએમસી પ્લોટ સામે આંજણા ફાર્મ સુરત. મુદ્દા નં.(૧) સદર સ્થળે તૈયાર થયેલ બાંધકામને આપના વિભાગ તરફથી વિકાસ પરવાનગી આપી હોય તો તે વિકાસ પરવાનગીવાળા પત્રની તથા મંજુર થયેલ પ્લાનની નકલ આપશો. મુદ્દા નં.(૨) આ બાંધકામ મંજુર થયેલ પ્લાન મુજબનું છે કે કેમ? તે અંગેની માહિતી આપશો અને જો મંજુર પ્લાન મુજબનું ના હોય તો અત્યાર સુધીમાં તેની વિરુધ્ધ આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતો આપશો. મુદ્દા નં.(૩) આ વિસ્તાર આપના વિભાગના કયા ડે.ઈજનેર તથા જુની. ઈજનેરના કાર્યક્ષેત્રમાં આવે છે તેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૨૮–૨–૧૧ ની **SMC/FAP/** નં.૩૬૭/૨૦૧૦–૧૧.

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૪–૧–૧૧ ની અરજીથી પ્લોટ નં.૧૦ સાંઈ ઈન્ડ. સોસા.. એસએમસી પ્લોટ સામે આંજણા ફાર્મ સુરત. મુદ્દા નં.(૧) સદર સ્થળે તૈયાર થયેલ બાંધકામને આપના વિભાગ તરફથી વિકાસ પરવાનગી આપી હોય તો તે વિકાસ પરવાનગીવાળા પત્રની તથા મંજુર થયેલ પ્લાનની નકલ આપશો. મુદ્દા નં.(૨) આ બાંધકામ મંજુર થયેલ પ્લાન મુજબનું છે કે કેમ? તે અંગેની માહિતી આપશો અને જો મંજુર પ્લાન મુજબનું ના હોય તો અત્યાર સુધીમાં તેની વિરુધ્ધ આપના વિભાગે કઈ કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતો આપશો. મુદ્દા નં.(૩) આ વિસ્તાર આપના વિભાગના કયા ડે.ઈજનેર તથા જુની. ઈજનેરના કાર્યક્ષેત્રમાં આવે છે તેની માહિતી આપવા બાબતે નિયત સમય અવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા અપીલના મુદ્દાઓ અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૮૧ તા.૮–૩–૧૧ થી સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને કરવામાં આવેલ. જે બાબતે નિર્દિષ્ટ સમયગાળામાં કોઈ પ્રતિભાવ કે નિર્ણય ન મળતાં અરજદારે તા.૨૮–૨–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી પણ અરજદારને કોઈ માહિતી પૂરી પાડેલ જણાતી નથી. કે માહિતીના ઈન્કાર અંગે આરટીઆઈ એકટની કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદ હેઠળનું કોઈ કારણ પણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૪–૧–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પડાયેલ નથી કે તેના ઈન્કાર માટે કોઈ અપવાદ જણાવેલ નથી જેને અનુલક્ષી મુળ અરજીથી માંગેલ માહિતી અરજદારને આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૧

પ્રતિ,
(૧) સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન),.....જાણ તથા અમલ માટે .
(૨)શ્રી રમેશ કે. જાંગીડ,